*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 29

## ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ




ચર્ચામાં શા માટે ?

ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ વિશે:-

ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિએશન:-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-29નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- 3 જાન્યુઆરી, 2020 થી 7 જાન્યુઆરી, 2020 સુધી 'ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ'ની 107મી આવૃત્તિ બેંગલૂરુમાં યોજાય રહી છે.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા આ સાયન્સ કોંગ્રેસનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ છે.

## ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ વિશે:-

- ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસનો ગુજરાતી ભાષામાં અર્થ 'ભારતીય વિજ્ઞાન પરિષદ' એવો કરી શકાય.
- બેંગલૂરુમાં ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસની સાથે-સાથે ખેડૂતોની વિજ્ઞાન પરિષદ (Farmer's Science Congress), બાળકોની વિજ્ઞાન પરિષદ (Children's Science Congress) અને મહિલાઓની વિજ્ઞાન પરિષદ (Women's Science Congress) નું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.
- આ વર્ષની 'ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ'ની થીમ : 'વિજ્ઞાન અને ટેક્નોલોજી: ગ્રામીણ વિકાસ (Science and Technology: Rural Developent)' છે.
- આ પરિષદ એ વિજ્ઞાનની વિવિધ શોધખોળ તથા ટેક્નોલોજીમાં રસ ધરાવતાં વૈજ્ઞાનિકો, સંશોધકો અને તજજ્ઞો માટેનું એક પ્રમુખ કેન્દ્રબિંદુ છે.
- આ પરિષદમાં વિવિધ 28 સત્રો યોજાનાર છે. જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, કેન્સર રિસર્ચ, આબોહવા પરિવર્તન, ખેતી, ખાદ્ય સુરક્ષા વગેરે જેવા મહત્ત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ખેડૂતોની વિજ્ઞાન પરિષદ અંતર્ગત એકીકૃત ખેતીમાં નવીનતા, આબોહવા પરિવર્તન, જૈવ-વિવિધતા, ખેતીના તણાવબિંદુઓ, ખેડૂતોની આવક બમણી કરવી વગેરે જેવા મુદ્દાઓ પર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે.
- ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસનું આયોજન સામાન્ય રીતે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં 'ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિએશન' દ્વારા કરવામાં આવે છે.

## ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિએશનઃ-

- ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિએશનના ઉદ્દ્ભવ માટે બે બ્રિટિશ રસાયણશાસ્ત્રીઓનો ફાળો મહત્ત્વનો છે. આ બે રસાયણશાસ્ત્રીઓ પ્રોફેસર જે.એલ. સિમોન્સન અને પ્રોફેસર પી.એસ. મેકમહોન હતાં.
- આ સંસ્થાની સ્થાપના જાન્યુઆરી 1914માં કરવામાં આવી હતી તથા તેનું વડુમથક કોલકાતામાં આવેલું છે.
- વર્તમાન સમયે કુલ 30,000 કરતાં પણ વધુ વૈજ્ઞાનિકો આ સંસ્થાના સભ્યો છે.
- આ સંસ્થાની રચના મુખ્ય 5 હેતુઓ માટે કરવામાં આવી હતી. આ હેતુઓમાં ભારતમાં વિજ્ઞાનને આગળ વધારવું અને તેને પ્રોત્સાહન આપવુ, દર વર્ષે વિવિધ સ્થળોએ સાયન્સ કોંગ્રેસનું આયોજન કરવુ, વિવિધ પત્રો, જર્નલ વગેરે પ્રકાશિત કરવા, વિજ્ઞાનના પ્રોત્સાહન માટે ફંડ મેળવવું અને તેનું નિયમન કરવુ વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT